# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૫૫ | ૮ માર્ચ, ૨૦૧૯, શુક્રવાર; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જમ્મુમાં બસ સ્ટેશન પર ગ્રેનેડથી હુમલો



**એકનું મોત, ૩૨થી વધુ ઘાયલ : હંમેશા ભરચક રહેતા બસ સ્ટેન્ડ પર ગ્રેનેડ ઝીંકાતા ચકચાર : ગયા વર્ષે મે મહિના બાદ જમ્મુ બસ સ્ટેન્ડમાં ત્રાસવાદીઓ દ્વારા ત્રીજી વખત ગ્રેનેડ ઝીંકાયો : આતંકવાદીને પકડી પડાયા બાદ ઉંડી પુછપરછ હાથ ધરાઈ**

નવી દિલ્હી, તા. ૭

ભારત અને પાકિસ્તાન વચ્ચે વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે જમ્મુના એક બસ સ્ટેન્ડ ઉપર આજે ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો જેના કારણે ખળભળાટ મચી ગયો હતો. આ ગ્રેનેડ હુમલામાં એકનું મોત થઈ ગયું હતું અને અન્ય ૩૨ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ હુમલાની જવાબદારી હિઝબુલ મુઝાહિદ્દીને લીધી હોવાના અહેવાલ પણ મળ્યા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકના ઓપરેશન કરવાની પણ ફરજ પડી છે. પુલવામા ત્રાસવાદી હુમલા બાદ જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા જવાનો એલર્ટ ઉપર હતા. હુમલાખોરની ઓળખ કરી લેવામાં આવી છે. ઘટનાસ્થળ પર રહેલા

લોકોએ કહ્યું હતું કે, એક શકમંદ હુમલાખોરે ગ્રેનેડ હુમલો કર્યો હતો અને ત્યારબાદ ફરાર થઈ ગયો હતો. સાંપ્રદાયિક શાંતિના માહોલને બગાડવાના હેતુસર આ હુમલો કરાયો હતો. આ ગ્રેનેડ હુમલામાં ૧૭ વર્ષના મોહમ્મદ શારિકનું મોત થયું હતું. ત્રણની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બપોરના સમયમાં બસ સ્ટેન્ડ પર ગ્રેનેડ ઝીંકવામાં આવ્યો હતો. વિસ્ફોટના લીધે બસ સ્ટેન્ડ ઉપર ઉભેલી એક બસને વધારે નુકસાન થયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત સરકારે ૨૦ રૂપિયાનો નવો સિક્કો બહાર પાડ્યો

ન્યુ દિલ્હી,તા.૭

દેશભરનાં નાગરિકોને ટૂંક સમયમાં જ ૨૦ રૂપિયાના મૂલ્યનો ચલણી સિક્કો જોવા મળશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અહીં આ સિક્કો રિલીઝ કર્યો હતો. એમની સાથે કેન્દ્રીય નાણાં પ્રધાન અરૂણ જેટલી પણ હતા. ભારત સરકારે આ પહેલી જ વાર ૨૦ રૂપિયાનો સિક્કો બહાર પાડ્યો છે. આ સિક્કો ગોળાકાર નથી. તે પોલીગોન આકારમાં છે. એટલે કે સિક્કાને ૧૨ ખૂણા છે. ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૯માં ૧૦ રૂપિયાનો સિક્કો બહાર પાડ્યો હતો. ત્યારબાદ એણે ચલણનો કોઈ સિક્કો બહાર પાડ્યો નહોતો. નવા સિક્કાની બહારની બાજુમાં અશોક સ્તંભના પ્રતિક સિંહ છે. એની બરાબર નીચેના ભાગે




● અનુસંધાન પાન-૭ પર

## અયોધ્યામાં મધ્યસ્થી મામલે આજે સુપ્રીમનો ચુકાદો

**મધ્યસ્થીને લઇ સહમતિ ન સધાતા સસ્પેન્સ અકબંધ**

નવી દિલ્હી, તા. ૭

રામજન્મભૂમિ બાબરી મસ્જિદ વિવાદને લઈને સુપ્રીમ કોર્ટમાં આવતીકાલે મધ્યસ્થીના મામલામાં મહત્વપૂર્ણ સુનાવણી કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટની બેંચે આ મામલામાં ચુકાદો આપવાની તૈયારી કરી લીધી છે. આ મામલાને કોર્ટની દેખરેખમાં મધ્યસ્થી માટે છોડવાની જરૂર છે કે પછી નિયમિત સુનાવણી મારફતે નિર્ણય લેવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, રાજકીયરીતે સૌથી સંવેદનશીલ રામજન્મ ભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ મામલામાં મધ્યસ્થીની સંભાવના હજુ પણ દેખાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# અંકુશરેખા પર પાકિસ્તાને જવાનો વધાર્યા

**અંકુશ રેખા ઉપર અવિરત ગોળીબાર કરવાની સાથે સાથે પાકિસ્તાને જવાનોની સંખ્યામાં વધારો કરતા સેના એલર્ટ : હથિયારોનો પણ મોટા પાયે ખડકલો કરતા સ્થિતી વણસી**

નવી દિલ્હી, તા. ૭

ભારત સાથે જોરદાર તંગદીલી વચ્ચે પણ પાકિસ્તાને તેની નાપાક હરકતો હજુ બંધ કરી નથી જેના ભાગરૂપે ભારત દ્વારા ચેતવણી આપવામાં આવી હોવા છતાં તેના દ્વારા અંકુશ રેખા પર અવિરત રીતે ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. એટલામાં ઓછુ હોય તેમ હથિયારોનો ખડકલો પણ કરવામાં આવી રહ્યો છે. સરહદી વિસ્તારોમાં જવાનોની સંખ્યામાં પણ પાકિસ્તાને વધારો કર્યો છે. સૈન્ય સુત્રોના કહેવા મુજબ પાકિસ્તાને અફગાનિસ્તાનના મોરચા પર તૈનાત કરવામાં આવેલા જવાનોની સંખ્યામાં ઘટાડો કર્યો છે અને આ જવાનોને ત્યાંથી ખસેડી લઈને અંકુશ રેખા પર મોકલી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત તમામ સંવેદનશીલ ચોકી પર સેનાની

જમાવટ કરી દીધી છે. પાકિસ્તાને હથિયારો પણ અંકુશ

● અનુસંધાન પાન-૭ પર

# સંયુક્ત રાષ્ટ્રે હાફીઝ સઈદની અરજી ફગાવી

**યાદીમાંથી નામને દૂર કરવા હાફીઝની અરજી ફગાવાઈ : ખતરનાક આતંકવાદી હાફિઝ સઇદને ફટકો : પ્રતિબંધિત યાદીમાં નામ અકબંધ રહેશે**

નવી દિલ્હી, તા. ૭

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સંયુક્ત રાષ્ટ્રે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને અન્ય અનેક હુમલામાં સીધીરીતે સંડોવણી ધરાવનાર જમાત ઉદ દાવાના લીડર હાફીઝ સઈદની અરજીને ફગાવી દીધી છે. હાફિઝ સઈદે પ્રતિબંધિત આતંકવાદીઓની યાદીમાંથી તેના નામને દૂર કરવા માટે રજૂઆત કરી હતી પરંતુ સંયુક્ત રાષ્ટ્રે તેની અરજીને ફગાવી દીધી છે. આની સાથે જ પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. અત્રે નોંધનીય છે કે, આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે પ્રતિબંધિત જૈશે મોહમ્મદના લીડર મસૂદ અઝહરનું નામ પુલવામા હુમલામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર








